Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

શ્રી માનતુંગાચાર્ય વિરચિત

# શ્રી ભક્તામર સ્તોત્ર

## તથા અન્ય સ્તવનો




પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ૐ

શ્રી માનતુંગાચાર્ય વિરચિત

# શ્રી ભક્તામર સ્તોત્ર તથા અન્ય સ્તવનો

પ્રથમ આવૃત્તિ :

પ્રત : ૨૦૦૦

કિંમત : સ્વાધ્યાય

પ્રકાશન તારીખ :

દિનાંક : ૧૭/૪/૯૯

કહાન સવંત - ૧૯

વિક્રમ સંવત ૨૦૫૫

વૈશાખ સુદ ૨ને શનિવાર

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૦ મી

જન્મ જયંતિદિન

: પ્રકાશક :

દિગંબર જૈન મહિલા મંડળ

રાજકોટ.

: મુદ્રક :

ચંદ્રકાન્ત આર. મહેતા

૮૧૬, સ્ટાર ચેમ્બર્સ, હરિહર ચોક, રાજકોટ.

ફોન નં. : ૨૨૮૧૭૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by an AtmaArthi and Daksha Nainesh Shah, both from London, who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Bhaktamer Stotra aney Anya Stavano (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 12 May 2011 | First electronic version |

# શ્રી ભક્તામર મહાત્મ્ય

સમસ્ત જૈન સમાજમાં ભલે પછી તે દિગંબરી હો, શ્વેતાંબરી હો કે સ્થાનકવાસી જૈન હો, સર્વેમાં શ્રીમાન માનતુંગાચાર્ય વિરચિત "શ્રી ભક્તામરસ્તોત્ર" ઘણું જ પ્રસિદ્ધ છે અને આબાળ વૃદ્ધ નિત્ય એનો પાઠ કરે છે કેમકે આ સ્તોત્રની રચના કરવાથી શ્રી માનતુંગાચાર્ય ૪૮ પ્રકારના બંધનોથી મુક્ત થઈ શક્યા હતા. તેથી એનો મહિમા અગાધ છે તે એટલે સુધી કે બિલકુલ લખી-વાંચી ન જાણનાર જૈનબંધુ કે બહેનને પણ નિત્ય ભક્તામરસ્તોત્ર કોઈ પાસે સાંભળવાનો નિયમ હોય છે એ જ એની મહત્તાનો સચોટ પુરાવો છે.

આ મહત્ત્વપૂર્ણ સ્તોત્રના રચયિતા શ્રી માનતુંગાચાર્ય ૧૧ માં સૈકામાં થયેલા જણાય છે. એ બાબતમાં જે બે દંતકથાઓ પ્રચલિત છે તે આ પ્રમાણે છે :

ઉજ્જૈન નગરમાં ભોજરાજાના વખતમાં પ્રસિદ્ધ કાદંબરી નામનું સંસ્કૃત પુસ્તક લખનાર બાણભટ્ટ નામે સમર્થ કવિ થયા હતા અને મયૂરભટ્ટ નામે તેમના સસરા હતા, તે પણ સારા કવિ હતા અને ત્યાં જ રહેતા હતા. પ્રસંગોપાત્ત રાજાને તેમણે ખાત્રી કરી આપી કે અમારો વેદધર્મ પ્રત્યક્ષ સિદ્ધિ આપે છે. આ ઉપરથી રાજાએ સભામાં તેમના ધર્મના વખાણ કર્યા. તે સાંભળીને સભામાં બેઠેલા એક શ્રાવકે કહ્યું કે તેવા ઋદ્ધિ સિદ્ધિના ધારક પુરુષો જૈનોમાં પણ હોય છે. હાલ વર્તમાનમાં આ શહેરમાં વિદ્યમાન શ્રીમદ્ માનતુંગ આચાર્ય લબ્ધિપ્રાપ્ત મુનિરાજ છે. આ સાંભળી અન્ય દરબારી પંડિતોના પ્રેર્યા રાજાએ આચાર્યશ્રીને રાજ દરબારમાં બોલાવ્યા અને તેમને જૈન ધર્મનો પ્રભાવ અને સામર્થ્ય બતાવવા આજ્ઞા કરી ધ્યાન ભક્તિમાં લીન આચાર્યદેવ વાદ-વિવાદથી પર હતા, જેથી પ્રસંગને ઉપસર્ગ જાણી મૌન થઈ ગયા. જેથી રાજાએ તેમને ૪૮ કડીવાળી શ્રૃંખલા પહેરાવી કોટડીમાં પૂર્યા ને બહારથી તાળા લગાવ્યા. અત્રે નિરંતર આત્મધ્યાન અને આત્મભાવમાં લવલીન આ મહાત્માની ચેતના જાગૃતિ પામી, જાણે કે ભગવંત વીતરાગ દેવની વાણીરૂપ સરસ્વતી જ તેમના કંઠાગ્રે વસી હોય તેમ

શ્રી આદિનાથ (ઋષભનાથ) ભગવાનની સ્તુતિ શરૂ કરી. જેમ જેમ એક એક ભક્તિગાથા સ્ફૂરતી રહી તેમ તેમ આચાર્યશ્રીના દેહ ઉપરથી બેડીની શ્રૃંખલાઓ એક પછી એક તૂટતી રહી. આચાર્યદેવ બંધન મુક્ત થયા તે સાથે કર્મોનાં બંધનોથી પણ મુક્ત થતા ગયા. મુનિરાજ કોટડીની બહાર પધાર્યા. રાજા અને પ્રજાજનો આ ચમત્કાર જોઈ આશ્ચર્ય પામ્યા અને આચાર્યદેવનું બહુમાન-સન્માન કરી જૈન ધર્મના વખાણ કર્યા.

બીજી કથા એવી રીતે છે કે : માલવા પ્રાંતમાં ધારાનગરીના રાજા ભોજ થઈ ગયા, જેના મંત્રી મતિસાગર જૈનધર્મી હતા. એક સમયે રાજસભામાં બેઠેલા કાલિદાસ વગેરે અન્યમતી પંડિતો કે જે મંત્રશાસ્ત્રના મહા જાણકાર હતા. તેમણે ભોજરાજાને કહ્યું કે, મહારાજ ! આપના રાજ્યમાં નગ્ન સાધુઓનું બહુ જોર છે અને તેઓ વિદ્વાન ગણાય છે પરંતુ ખરી રીતે તેઓ ઢોંગી છે. જો તેઓ કાંઈ જાણતા હોય તો તેમણે અમારી માફક કોઈ ચમત્કાર બતાવવો જોઈએ.

આટલું કહી કાલિદાસ પંડિતે પોતાના પગો છરીથી કાપી નાંખ્યા અને પછી કાલીદેવીનું આરાધન કરી તેને હતા તેવા જોડી દીધા ! એ જ પ્રમાણે ભાર્ગવી નામે પંડિતે અંબિકાની આરાધના દ્વારા ભગ્નોદર રોગ સારો કર્યો. તેમ જ માઘ નામના પંડિતે સૂર્યની ઉપાસના દ્વારા કોઈનો કોઢ રોગ સારો કર્યો, આ વગેરે અનેક ચમત્કારી બાબતો બતાવીને રાજાને પંડિતોએ કહ્યું -

મહારાજ ! અમે સર્વે શાસ્ત્રોના જાણનાર છીએ અને મંત્રશાસ્ત્રપર અમારો પૂર્ણ અધિકાર છે. માટે આપના રાજ્યમાં વિદ્યાનો આદર ન થઈ ઢોંગીઓની પૂજા થાય એ કેટલું દુઃખદાયી છે ! આપે એ બાબત વિચાર કરવો જોઈએ. આ ઉપરથી ભોજરાજાએ જૈન મંત્રી મતિસાગરને કહ્યું કે તમે તમારા ધર્મગુરુઓને અમારી પાસે ઉપસ્થિત કરો. જો તેઓ તેમના વિદ્યાબળથી મને કાંઈ ચમત્કાર બતાવી શકશે તો હું તેમનું નિરંતર સન્માન અવશ્ય કરીશ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

મંત્રીએ કહ્યું કે અમારા ગુરુ નિરંતર આત્મ-કલ્યાણમાં તલ્લીન રહે છે. તેઓ ઘણા દયાળુ હોય છે, તેથી કોઈપણ જીવને મંત્ર-તંત્રાદિથી કષ્ટ આપતા નથી, પરંતુ તે સર્વ બાબત જાણે છે. તેઓ કંઈ તેમનો પ્રભાવ બતાવે એવી આપની ઈચ્છા જ છે તો વખત આવ્યે આપની આજ્ઞાનું પાલન અવશ્ય કરીશ.

એવામાં ત્યાં શ્રી માનતુંગાચાર્ય મુનિ મહારાજ વિહાર કરતા કરતા આવી ચઢ્યા, જેથી મંત્રી મતિસાગર, મુનિઆગમન જાણી પ્રસન્ન થઈ વનમાં તેમની વંદના કરવા ગયા, જ્યાં દર્શન કરી ઉપદેશ સાંભળી અંતમાં તેમણે પ્રાર્થના કરી કે મુનિમહારાજ ! અત્રેના ભોજરાજા ઘણા બુદ્ધિમાન હોવા છતાં જૈનધર્મથી અનભિજ્ઞ (અજાણ) છે જેથી કાલિદાસ વગેરે પંડિતો પોતાના પાંડિત્યના ગર્વથી નિત્ય જૈન ધર્મની નિંદા કર્યા કરે છે, તે મારાથી સહન થઈ શકતું નથી, માટે આપે જૈનધર્મની પ્રભાવના થઈ રાજાને જૈનધર્મ પર વિશ્વાસ બેસે એવો કંઈ ઉપાય કરવો જોઈએ.

મંત્રીનો અભિપ્રાય જાણીને એ પછી શ્રી માનતુંગાચાર્યે રાજસભામાં જઈને રાજાને કહ્યું : હે રાજન્ ! જૈનધર્મના સંબંધમાં આપને જે ભ્રમ છે તે કાઢી નાંખો, હું સર્વે પ્રકારે આપનું સમાધાન કરવા તૈયાર છું.

આ સાંભળી રાજાએ મુનિરાજની વિદ્યાની પરીક્ષા કરવા તેમને ભોંયરામાં પૂરી મજબૂત તાળાં લગાવી દીધાં. એ પછી મુનિરાજે ત્યાં આદિનાથ ભગવાનની સ્તુતિમાં સંસ્કૃતમાં આ ભક્તામર સ્તોત્રની રચનાનો પ્રારંભ કર્યો. જેમ જેમ આપ સ્તોત્ર રચતા ગયા, તેમ તેમ અપાર ભક્તિના પ્રભાવે તેમનાં બંધનો તૂટતાં ગયાં અને સર્વે ઓરડીઓનાં તાળાં પણ ખુલી ગયાં અને અંતમાં માત્ર હાથોને બાંધેલા રાખીને મુનિરાજ રાજસભામાં આવીને ઉપસ્થિત થયા અને રાજાને કહ્યું :

'હે રાજા ! મેં તો મારી શક્તિનો પરિચય આપને કરાવ્યો છે, હવે આપના શહેરમાં પણ કોઈ વિદ્વાન પંડિત હોય તો તેમને બોલાવી મારા હાથનાં આ બંધન તોડાવો.'



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ સાંભળી રાજાએ કાલિદાસ વગેરે પંડિતોને ઈશારાથી આ બંધન તોડવાને કહ્યું. તેઓ ઊઠ્યા અને પોતપોતાનું વિદ્યાબળ પૂર્ણ રીતે અજમાવવા લાગ્યા, પરંતુ કંઈ વળ્યું નહિ અને શર્મિન્દા થયા, ત્યારે મુનિરાજે રાજાને કહ્યું :

એ બિચારાઓની શું તાકાત કે આ બંધન તોડી શકે ? 'શિયાળને જીતવાવાળા સિંહને જીતી શક્તા નથી.' જો તેઓ નથી તોડી શક્તા તો હું તોડું છું - એમ કહી શ્રી ભક્તામર સ્તોત્રનો અંતિમ (૪૮ મો) શ્લોક રચવા માંડ્યો જે પૂર્ણ થતાં જ મુનિરાજના હાથનું બંધન આપો આપ તૂટીને નીચે પડ્યું. જેથી રાજાને પણ પોતાના અવિચાર પર લજ્જિત થવું પડ્યું અને રાજા મુનિરાજની તપશ્ચર્યાનો પ્રભાવ જોઈ દંગ થઈ ગયા !

પછી તેમણે મુનિરાજની ભક્તિભાવથી સ્તુતિ કરી, પોતાના અપરાધને માટે ક્ષમા માંગી અને તેમના ચરણ પાસે આવીને ઊભા રહ્યા. મુનિરાજે તેમને ધર્મોપદેશ આપ્યો, જેથી રાજાને જૈન ધર્મ ઉપર દૃઢ શ્રદ્ધા થઈ અને તેઓ અનેક વ્રતોને ગ્રહણ કરી ઉત્તમ શ્રાવક બન્યા. આ પ્રકારે ધર્મ - પ્રભાવના કરી મુનિરાજ વિહાર કરી ગયા. એ પછી ભોજરાજાએ પોતાની નગરીમાં ઘણાં જૈન મંદિરો બંધાવી તેમાં બહુમૂલ્ય જૈન પ્રતિમાઓ નિર્માપિત કરાવીને તેની પ્રતિષ્ઠા કરાવી તથા ખૂબ દાન કર્યું, જેથી જૈનધર્મની ઘણી જ પ્રભાવના થઈ.

આ પ્રમાણે દંતકથાઓ પ્રચલિત છે જે પ્રગટ કરી છે, પણ જો કોઈ ભાઈના જાણવામાં કે વાંચવામાં આ બાબત વિશેષ પ્રમાણયુક્ત સાધન મળી આવે તો તેઓ જો અમોને જણાવશે તો અમો તે પ્રગટ કરવા ઈન્તેજાર છીએ

\- પ્રકાશક

卐

ॐ

श्री मानतुंगाचार्य विरचित

# શ્રી ભક્તામર સ્તોત્ર

[શેઠ હરજીવન રાયચંદ (આમોદ) કૃત ગદ્ય-પદ્ય સહિત]

*ભક્તામરો લચિત તાજ મણિ પ્રભાના,*
*ઉદ્યોતકાર, હર પાપતમો જથાના,*
*આધારરૂપ ભવસાગરના જનોને,*
*એવા યુગાદિ પ્રભુ પાદયુગે-નમીને ૧*
*કીધી સ્તુતિ સકલશાસ્ત્ર જ તત્ત્વબોધે,*
*પામેલ બુદ્ધિ પટુથી સુરલોકનાથે,*
*ત્રૈલોક ચિત્તહર ચારુ ઉદાર સ્તોત્રે,*
*હું એ ખરે સ્તવીશ આદિ જિનેન્દ્રને તે. ૨*

**ભાવાર્થ :** ભક્તિ કરનાર દેવો પગે લાગે છે તે વખતે તેમના નમેલા મુગટની અંદર રહેલા મણિઓની કાંતિને પણ પ્રકાશ આપનાર, પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર અને યુગાદિથી સંસારરૂપી સમુદ્રમાં પડેલા માણસોના આશ્રયરૂપ, એવા શ્રી આદિનાથ જિનેન્દ્રસ્વામીના બન્ને ચરણને રૂડે પ્રકારે નમસ્કાર કરી હું પ્રથમ જિનેંદ્ર શ્રી આદિનાથ ભગવાનની સ્તુતિ કરૂં છું. ઈન્દ્રદેવે પણ તમામ શાસ્ત્રોનું તત્ત્વજ્ઞાન જાણવાથી ઉત્પન્ન થયેલી નિપુણ બુદ્ધિ વડે ત્રણલોકનું ચિત્ત હરણ કરે એવા ઉદાર સ્તોત્રથી પણ તેમની સ્તુતિ કરી છે, એવા જિનેન્દ્ર આદિનાથસ્વામીની હું પણ સ્તુતિ કરીશ. ૧-૨.

*બુદ્ધિ વિના જ સુરપૂજિત પાદપીઠ,*
*મેં પ્રેરી બુદ્ધિ સ્તુતિમાં તજી લાજ શુદ્ધિ !*
*લેવા શિશુવિણ જળે સ્થિર ચંદ્રબિંબ,*
*ઈચ્છા કરેજ સહસા જન કોણ અન્ય. ૩.*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

**ભાવાર્થ** : હે દેવો દ્વારા પૂજનીય : મને ચરણ બુદ્ધિ નથી તોપણ મેં જે આપની સ્તુતિ કરવા માંડી છે એ મારી નિર્લજ્જતા છે. નાથ ! બાળક સિવાય બીજું કોણ પાણીમાં પડેલા ચંદ્રમાંના પડછાયાને હાથોથી પકડવાની ઈચ્છા કરી શકે છે ? આર્થાત્ મારો આ પ્રયત્ન બાળકના જેવો છે. ૩.

*કે'વા ગુણો ગુણનિધિ ! તુજ ચંદ્રકાંત,*
*છે બુદ્ધિથી સુરગુરુસમ કો સમર્થ ?*
*જ્યાં ઉછળે મગરમચ્છ મહાન વાતે,*
*રે કોણ તે તરી શકે જ સમુદ્ર હાથે ? ૪.*

**ભાવાર્થ** : હે ગુણસમુદ્ર ! બૃહસ્પતિ સમાન બુદ્ધિ ધારણ કરવાવાળા પણ ચંદ્રમાં જેવા આપના મનોહર ગુણોનું વર્ણન કરવા સમર્થ નથી તો મારા જેવા અલ્પજ્ઞાનીની તો વાત જ શી કરવી ? નાથ ! જે સમુદ્રમાં પ્રલયકાળના વાયુના કારણથી મગરમચ્છ આદિ ભયંકર જીવો પ્રચંડતા ધારણ કરી રહ્યા છે, અહીં તહીં પોતાના ભયંકર મોં ફાડી આમ તેમ ઘુમી રહ્યા છે તેવા સમુદ્રને પણ પોતાના બેઉ હાથો દ્વારા કોણ તરી શકે ? ૪

*તેવો તથાપિ તુજ ભક્તિ વડે મુનીશ !*
*શક્તિરહિત પણ હું સ્તુતિને કરીશ,*
*પ્રીતે વિચાર બળનો તજી સિંહ સામે*
*ના થાય શું મૃગી 'શિશુ' નિજ રક્ષવાને ? ૫*

**ભાવાર્થ** : મારામાં આપની સ્તુતિ કરવાની શક્તિ નથી તોપણ હું આપની જે સ્તુતિ કરું છું એ કેવળ આપની ભક્તિને વશ થઈને કરું છું. પ્રભુ ! પોતાની શક્તિનો વિચાર કર્યા વગર હરણી શું પોતાના બચ્ચાને સિંહથી બચાવવા તેની સામે થતી નથી ? તો મારામાં શક્તિ નથી તોપણ હું આપની સ્તુતિ કરું છું એ આશ્ચર્યની વાત નથી. ૫.

*'શાસ્ત્રજ્ઞ, 'અજ્ઞ' ગણીને હસતાં છતાં એ,*
*ભક્તિ તમારી જ મને બળથી વદાવે !*
*જે કોકિલા મધુર ચૈત્ર વિષે ઉચારે,*
*તે માત્ર આમ્રતરુ મોર તણા પ્રભાવે ! ૬*



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

**ભાવાર્થ** : પ્રભો ! મારૂં શાસ્ત્રજ્ઞાન ઘણું થોડું છે તેથી વિદ્વાનો સમક્ષ હું હાંસીને પાત્ર છું તોપણ આપની ભક્તિ જ મને આપની સ્તુતિ કરવા બળાત્કારથી પ્રવર્તાવે છે.

જેમ ચૈત્ર માસને વિષે આંબાના મોરના પ્રભાવથી કોયલ મધુર શબ્દો ઉચ્ચારે છે તે આ પ્રમાણે આપની ભક્તિ જ મને આપની સ્તુતિ કરવાને પ્રેરે છે ૬.

*બાંધેલ પાપ જનનાં ભવ સર્વ જેહ.*
*ત્હારી સ્તુતિથી ક્ષણમાં ક્ષય થાય તેહ,*
*આ લોકવ્યાપ્ત નિશિનું ભમરા સમાન,*
*અંધારું સૂર્યકિરણોથી હણાય જેમ. ૭.*

**ભાવાર્થ** : નાથ ! જે પ્રમાણે સૂર્યનાં કિરણોથી ત્રણ જગતમાં ફેલાયલો ભમરા સમાન કાળો અંધકાર નષ્ટ થઈ જાય છે, તે પ્રમાણે આપની સ્તુતિ કરવાથી જન્મો જન્મમાં એકઠા થયેલાં જીવોનાં પાપો ક્ષણભરમાં નષ્ટ થઈ જાય છે. ૭.

*માનીજ તેમ સ્તુતિ નાથ ! તમારી આ મેં,*
*આરંભી અલ્પમતિથી પ્રભુના પ્રભાવે,*
*તે ચિત્ત સજ્જન હરે જ્યમ બિંદુ પામે*
*મોતી તણી કમળપત્ર વિષે પ્રભાને ! ૮*

**ભાવાર્થ** : નાથ ! એવું સમજીને પણ ઓછી બુદ્ધિવાળો હોવા છતાં પણ હું જે આપની સ્તુતિ કરું છું એ પણ આપના પ્રભાવથી સજ્જનોના ચિત્ત તો હરણ કરશે જ ! જેમકે કમળના પાંદડાં પર પડેલું પાણીનું ટીપું મોતી જેવું સુંદર દેખાઈને લોકોના ચિત્તને હરણ કરે છે. ૮.

*દૂર રહો રહિત દોષ સ્તુતિ તમારી !*
*ત્હારી કથા પણ અહો ! જન - પાપહારી !*
*દૂર રહે રવિ કદિ તદપિ પ્રભાએ,*
*ખીલે સરોવર વિષે કમળો ઘણાંએ ! ૯*



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

**ભાવાર્થ** : પ્રભો ! આપની નિર્દોષ સ્તુતિ તો ક્યા રહી ? તોપણ આપની પવિત્ર કથાનું શ્રવણ કરવાથી જીવોને સંસારનાં બધાં પાપો નષ્ટ થઈ જાય છે. એ સાચી વાત છે કે સૂર્ય ઘણો દૂર હોવા છતાં તેનાં કિરણો સરોવરમાંના કમળોને પ્રફૂલ્લિત કરે છે. ૯.

*આશ્ચર્ય ના ભુવનભૂષણ ! ભૂતનાથ !*
*રૂપે ગુણે તુજ સ્તુતિ કરનાર અત્ર*
*તે તુલ્ય થાય તુજની, ધનિકો શું પોતે,*
*પૈસે સમાન કરતા નથી આશ્રિતોને ! ૧૦*

**ભાવાર્થ** : હે સંસારના ભૂષણ ! હે જીવોના સ્વામી ! એ કાંઈ આશ્ચર્યની વાત નથી કે આપના સત્યાર્થ ગુણોની સ્તુતિ કરવાવાળા પુરુષો સંસારમાં આપના સમાન થાય ! એવા પુરુષો જો સંસારમાં ઉત્પન્ન થઈને આપના જેવા ધનવૈભવવાળા ન થાય તો ઉત્પન્ન થવામાં એઓને લાભ શો ? ૧૦

*જો દર્શનીય પ્રભુ એક ટશેથી દેખે,*
*સંતોષથી નહિ બીજે જન-નેત્ર પેખે,*
*પી ચન્દ્રકાન્ત પય ક્ષીરસમુદ્ર કેરૂં,*
*પીશે પછી જળ-નિધિ-જળ કોણ ખારૂં ? ૧૧*

**ભાવાર્થ** : હે નાથ ! એકી નજરે જોઈ રહેવા યોગ્ય આપનું સ્વરૂપ એકવાર જોયા પછી, માણસનાં નેત્ર બીજે કોઈ ઠેકાણે સંતોષ પામતા નથી, કેમકે ચંદ્રના કિરણ જેવું ઉજ્જવળ ક્ષીરસાગરનું દૂધ જેવું જળ પીધા પછી સમુદ્રના ખારા પાણીને પીવાને કોણ ઈચ્છે ? કોઈ જ નહીં. ૧૧

*જે શાંતરાગ રુચિનાં પરમાણું માત્ર*
*તે તેટલાં જ ભુવિ આપ થયેલ ગાત્ર !*
*એ હેતુથી ત્રિભુવને શણગાર રૂપ !*
*ત્હારા સમાન નહિ અન્યતણું સ્વરૂપ ! ૧૨*

**ભાવાર્થ** : હે, ત્રિભુવનના એક ભૂષણ ! જે રાગ રહિત તેજસ્વી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પરમાણુઓથી આપનું શરીર બન્યું છે, તે પરમાણુઓ સંસારમાં એટલા જ છે. તેથી જ સંસારમાં આપના સમાન સુંદર બીજું કોઈનું રૂપ હોતું જ નથી. ૧૨.

*ત્રૈલોક સર્વ ઉપમાને જ જીતનારું*
*ને નેત્ર, દેવ નર ઉરગ હારી ત્હારું,*
*ક્યાં મુખ ! ક્યાં વળી કંલકિત ચંદ્રબિંબ ?*
*જે દિવસે પીળચટું પડી જાય ખૂબ. ૧૩.*

**ભાવાર્થ :** હે ગુણસમુદ્ર ! દુનિયાની સર્વે ઉપમાને જીતવાવાળા, એવા સુંદર કે જેની ઉપમા દુનિયાના કોઈપણ પદાર્થથી આપી શકાય નહીં, વળી જેને દેવ, મનુષ્ય, વિદ્યાધર, ધરણેંદ્ર વગેરેની આંખોને પોતાની તરફ આકર્ષિત કરવાવાળા પણ ઘણી ઉત્કંઠાથી જુએ છે એવું આપનું ત્રણ ભુવનમાં અતિ સુંદર મુખ ક્યાં અને કલંકિત ચંદ્રમાં ક્યાં ! કે જે દિવસમાં ફિક્કો પડી જાય છે, શોભા રહિત થઈ જાય છે ! ઘણા લોકો આપના મુખને ચંદ્રમાની ઉપમા આપે છે, પણ એ બરાબર નથી, કારણ કે આપની શોભા સ્થાયી છે અને ચંદ્રમાની શોભા અસ્થાયી છે. એ સિવાય એ કલંકી છે ને આપ નિષ્કલંકી છો. ૧૩

*સંપૂર્ણ ચંદ્રતણી કાન્તિ સમાન ત્હારા -*
*રૂડા ગુણો ભુવન ત્રૈણ ઉલંઘનારા !*
*ત્રૈલોકનાથ ! તુજ આશ્રિત એક તેને,*
*સ્વેચ્છાથકી વિચરતાં કદિ કોણ રોકે ? ૧૪*

**ભાવાર્થ :** હે પ્રભો ! પૂર્ણ ચંદ્રમાની કળાની માફક નિર્મળ એવા આપના ગુણો ફેલાઈ ગયા છે. કેમકે ત્રણે જગતના આપ એકલા જ સ્વામી છો તેથી આપના આશ્રયે રહેલા તે ગુણોના ઈચ્છા પ્રમાણે વર્તતાં કોણ અટકાવી શકે એમ છે ? ૧૪

*આશ્ચર્ય શું પ્રભુતણા મનમાં વિકાર*
*દેવાંગના ન કદી લાવી શકી લગાર !*
*સંહારકાળ પવને ગિરિ સર્વ ડોલે,*
*મેરુ ગિરિ શિખર શું કદી તોય ડોલે ! ૧૫*

**ભાવાર્થ** : હે નાથ ! દેવાંગના આપના મનમાં રંચમાત્ર વિકાર પેદા કરી શકી નહીં. એ કંઈ આશ્ચર્યની વાત નથી, જેમકે પ્રલયકાળના પવનથી અન્ય પર્વતો હલી શકે છે, પરંતુ સુમેરુપર્વતને ચલાયમાન કરી શકાતો નથી. ૧૫.

*ધુમ્રે રહિત, નહિ વાટ, ન તેલવાળો !*
*ને આ સમગ્ર ત્રણ લોક પ્રકાશનારો !*
*ડોલાવનાર ગિરિ વાયુ ન જાય પાસે !*
*તું નાથ છો અપર દીપ જગત્પ્રકાશે ! ૧૬*

**ભાવાર્થ** : હે નાથ ! આપ સમગ્ર સંસારને પ્રકાશિત કરવાવાળા અપૂર્વ દીપક છો, તે એ પ્રમાણે કે બીજા દીવાઓની બત્તીમાંથી ધૂમાડો નીકળે છે અને આપનો પ્રકાશ નિર્ધૂમ છે, ધૂમાડા વગરનો છે, પાપ રહિત છે. બીજા દીવાઓમાં તેલની જરૂર રહે છે પરંતુ આપમાં તેની જરૂર રહેતી નથી. બીજા દીવાઓ બહુ જ થોડી જગ્યા પ્રકાશિત કરે છે, એ સિવાય બીજા દીવાઓ એક સાધારણ હવાની ઝપટથી બુઝાઈ જાય છે, પરંતુ આપના પ્રકાશને તો મોટ મોટા પર્વતો હલાવી નાંખે એવી હવા પણ કંઈ બગાડ કરી શક્તી નથી. ૧૬.

*ઘેરી શકે કદી ન રાહુ, ન અસ્ત થાય !*
*સાથે પ્રકાશ ત્રણ લોક વિષે કરાય !*
*તું હે મુનીંદ્ર, નહીં મેઘ વડે છવાય !*
*લોકે પ્રભાવ રવિથી અદકો ગણાય ! ૧૭*

**ભાવાર્થ** : હે જિનેન્દ્ર ! આપનો મહિમા સૂર્યથી પણ અતિ ઘણો છે. જુઓ, સૂરજને રાહુ ગ્રહણ કરી, ઘેરી શકે છે, પરંતુ આપને તે ગ્રહણ કરી શકતો નથી. સૂર્ય તો દિવસમાં ક્રમક્રમથી તથા મધ્ય લોકમાં જ પ્રકાશ કરે છે, પરંતુ આપ તો સદા, એકસાથે ત્રણ જગતને પ્રકાશિત કરો છો. સૂર્યના તેજને વાદળ ઢાંકી દે છે, પરંતુ આપના પ્રભાવને તો કોઈ ઢાંકી શકતું નથી. ૧૭

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

*મોહાંધકાર દળનાર સદા પ્રકાશી,*
*રાહુ મુખે ગ્રસિત ના, નહિ મેઘરાશી,*
*શોભે તમારું મુખ-પદ્મ અપાર રૂપે,*
*જેવો અપૂર્વ શશિ લોક વિષે પ્રકાશે. ૧૮*

**ભાવાર્થ** : હે નાથ ! આપનું અત્યંત કાંતિવાન મુખકમળ આખા સંસારને પ્રકાશિત કરવાવાળા અપૂર્વ ચંદ્રમાં સમાન છે, ચંદ્રમાંથી તે અધિક્તર છે કારણ કે ચંદ્રમાનો ઉદય નિરંતર રહેતો નથી, પરંતુ આપનું મુખ-ચંદ્ર સદા ઉદિત - ઉજ્જવળ જ રહે છે. ચંદ્રમા અંધકાર નષ્ટ કરી શકે છે પરંતુ મોહાંધકાર નષ્ટ કરી શક્તો નથી ને આપનું મુખચંદ્ર તો બન્નેને નષ્ટ કરવાવાળું છે. ચંદ્રમાને રાહુ અને મેઘ દબાવી શકે છે, પરંતુ આપના મુખ-ચંદ્રને કોઈ કંઈ કરી શક્તું નથી. ૧૮.

*શું રાત્રિમાં શશિ થકી દિવસે રવિથી ?*
*અંધારૂ તુજ મુખ-ચંદ્ર હરે પછીથી !*
*શાલી સુશોભિત રહી નીપજી ધરામાં,*
*શી મેઘ ગરજ હોય જ આભલામાં ! ૧૯.*

**ભાવાર્થ** : પ્રભો ! જો આપનું મુખ-ચંદ્ર જ અંધકારને નષ્ટ કરે છે તો રાત્રે ચંદ્રમા અને દિવસે સૂર્યનું કામ શું છે ? જેમકે સંસારમાં ધાન્ય પાકી ગયા પછી, ખેતરમાં પાક પાકી ગયા પછી પાણીના ભરેલા વાદળોથી કંઈ લાભ નથી. ૧૯.

*શોભે પ્રકાશ કરી જ્ઞાન તમો વિષે જે,*
*તેવું નહીં હરિહરાદિકના વિષે તે,*
*રત્નો વિષે સ્ફુરિત તેજ મહત્વ ભાસે,*
*તેવું ન કાચ કટકે ઉજળે જણાશે. ૨૦.*

**ભાવાર્થ** : હે નાથ ! લોક અને પરલોકમાં પ્રકાશક જે જ્ઞાન પરિપૂર્ણ રીતે આપને પ્રાપ્ત થયું છે તેવું હરિહર, બ્રહ્મા ઈત્યાદિક



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દેવોને વિષે પ્રાપ્ત થયું નથી - કેમકે પ્રકાશમાન મહામણિના સમૂહને વિષે જેવું તેજનું પ્રાબલ્ય છે તેવું તેજ કાચના કકડાને વિષે જણાતું જ નથી. ૨૦.

*માનું રૂડું હરિહરાદિકને દીઠા તે,*
*દીઠે છતે હૃદય આપ વિષે ઠરે છે,*
*જોવા થકી જગતમાં પ્રભુનો પ્રકાશ,*
*જન્માન્તરે ન હરશે મન કોઈ નાથ. ૨૧.*

**ભાવાર્થ** : હે પ્રભો ! હરિ, હર, બ્રહ્મા આદિ દેવો મારી દૃષ્ટિએ પડ્યા એ સારું જ થયું છે, કેમકે આપને જોવાથી મારું હૃદય સંતોષ પામ્યું છે. એનું કારણ એ કે એ દેવો રાગ-દ્વેષ સહિત છે, અને આપ રાગ-દ્વેષ રહિત વીતરાગ છો.

માટે હે નાથ ! આ લોકમાં આપને જોવાથી મને લાભ થયો છે તે એટલો જ કે ભવાન્તરને વિષે પણ અન્ય કોઈ દેવ મારું મન હરણ કરી શકનાર નથી.

*સ્ત્રી સેંકડો પ્રસવતી કદિ પુત્ર ઝાઝા,*
*ના અન્ય આપ સમ કો પ્રસવે જનેતા !*
*તારા અનેક ધરતી જ દિશા બધીય,*
*તેજે સ્ફુરિત રવિને પ્રસવેજ પૂર્વ. ૨૨*

**ભાવાર્થ** : જેમ તારાઓના સમૂહોને સર્વે દિશાઓ ધારણ કરે છે પણ તેજસ્વી સૂર્યને તો માત્ર પૂર્વ દિશા જ જન્મ આપે છે, તેમ જ સેંકડો સ્ત્રીઓ ઘણાએ પુત્રોને જન્મ આપે છે. છતાં આપનાં સમાન પુત્રને તો બીજી કોઈ જનેતા ઉત્પન્ન કરતી જ નથી. ૨૨.

*માને પરંપુરુષ સર્વ મુનિ તમોને,*
*ને અંધકાર સમીપે રવિ શુદ્ધ જાણે,*
*પામી તને સુરીત મૃત્યુ જીતે મુનીંદ્ર,*
*છે ના, બીજો કુશળ મોક્ષ તણો જ પંથ. ૨૩.*



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**ભાવાર્થ** : હે મુનીંદ્ર ! આપને મુનિઓ પરમ પુરુષ માને છે. આપ અંધકાર વિનાના હોઈ અથવા અંધકાર અર્થાત્ જ્ઞાનાવરણી આદિ કર્મો આપે નષ્ટ કરી દીધેલા હોવાથી તથા કેવળજ્ઞાન અવસ્થામાં ભામંડળ સમાન તેજસ્વી હોવાથી સૂર્ય સમાન તેજસ્વી કહેવાયા છો. આપ જ અમલ-રાગદ્વેષ રહિત હોવાથી નિર્મળ કહેવાઓ છો, અને મન, વચન, કાયાની શુદ્ધિથી આપનું આરાધન કરીને લોકો મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરે છે. હે નાથ ! સાચું તો એ છે કે આપને સમ્યક્ પ્રકારે પામ્યા વિના બીજો કોઈ મોક્ષનો શ્રેષ્ઠ માર્ગ છે જ નહીં. ૨૩.

*તું આદ્ય, અવ્યય, અચિંત્ય, અસંખ્ય, વિભુ,*
*છે બ્રહ્મ, ઈશ્વર, અનંત, અનંગકેતુ,*
*યોગીશ્વરં, વિદિતયોગ, અનેક-એક,*
*કહે છે, તને વિમળ જ્ઞાનસ્વરૂપ સંત. ૨૪.*

**ભાવાર્થ** : પ્રભો ! આપના અનંત જ્ઞાન આદિ સ્વરૂપે આત્માનો કદી નાશ હોતો નથી તેથી યોગીજન આપને અવ્યય કહે છે. આપનું જ્ઞાન ત્રણે લોકમાં વ્યાપ્ત છે તેથી આપને વિભુ, વ્યાપક અથવા સમર્થ કહે છે. આપનું સ્વરૂપ કોઈ ચિંતવન કરી શક્તા નથી તેથી આપને 'અચિંત્ય' કહે છે. આપના ગુણોની સંખ્યા નહીં હોવાથી આપને અસંખ્ય કહે છે. એવી રીતે સત્પુરૂષો અનેક વિશેષણોથી જ્ઞાનના સાક્ષાત્ સ્વરૂપે વર્ણવી આપને નિર્મળ કહે છે. ૨૪.

*છો બુદ્ધિ-બોધથકી હે સુરપૂજ્ય બુદ્ધ !*
*છો લોકને સુખદ-શંકર તેથી શુદ્ધ !*
*છો મોક્ષમાર્ગ - વિધિ - ધારણથી જ ધાતા !*
*છો સ્પષ્ટ આપ પુરુષોત્તમ સ્વામી ત્રાતા ! ૨૫.*

**ભાવાર્થ** : હે પ્રભો ! આપ કર્મોનો નાશ કરી સિદ્ધ થયા છો. આપ અનાદિ મુક્ત નથી તેથી આપને ''આદ્ય'' ચોવીસ તીર્થંકરોમાં આપ આદ્ય તીર્થંકર છો, તેથી આપને આદ્ય કહે છે. સઘળા કર્મોથી આપ રહિત છો અથવા આનંદમય છો તેથી આપને બ્રહ્મા કહે છે.

આપ કૃતકૃત્ય છો તેથી આપને ઈશ્વર કહે છે. અનંતજ્ઞાન, અનંતદર્શનાદિથી આપ યુક્ત છો અથવા અનીશ્વર છો તેથી આપને અનંત કહે છે. સંસારની વૃદ્ધિનું કારણ જે કામવાસના તેને આપ નાશ કરનાર છો તેથી આપને અનંગકેતુ કહે છે ! યોગી અર્થાત્ સામાન્ય કેવળી યા મન, વચન, કાયાના વ્યાપારને જીતવાવાળા જે મુનિજન છે તેના આપ સ્વામી છો તેથી આપને યોગીશ્વર કહે છે. આપથી ચઢિયાતું બીજું કોઈ નથી તેથી આપને એક કહે છે. આપ કેવળજ્ઞાનસ્વરૂપ છો. અર્થાત્ સમગ્ર કર્મોનો ક્ષય કરીને આપ ચિત્તસ્વરૂપ થયા છો, તેથી આપને જ્ઞાનસ્વરૂપ કહે છે. આપ કર્મમલ રહિત છો તેથી આપને અમલ કહે છે. પ્રભો ! આપના કેવળજ્ઞાનની ગણધરો તથા સ્વર્ગના દેવોએ પૂજા કરી છે તેથી આપ જ સાચા બુદ્ધ છો, પરંતુ જેઓ ક્ષણિકવાદી છે, સંસારના પદાર્થોને ક્ષણિક બતાવે છે તે તેમનામાં કેવળજ્ઞાન ન હોવાથી વસ્તુસ્વરૂપને ઠીકઠીક જાણતા નથી તેથી તેઓ સાચા બુદ્ધ નથી. આપ ત્રણ લોકનું કલ્યાણ કરવાવાળા, સુખ આપવાવાળા છો તેથી આપ જ સાચા શંકર છો. વળી આપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ સત્યાર્થ મોક્ષમાર્ગનો ઉપદેશ આપો છો તેથી આપ જ સાચા બ્રહ્મા છો. નાથ ! આપ જ સાક્ષાત્ પુરુષોત્તમ અર્થાત્ પુરુષશ્રેષ્ઠ શ્રી નારાયણ છો. ૨૫.

*ત્રૈલોક - દુઃખહર નાથ ! તને નમોસ્તુ !*<br>
*તું ભૂતળે અમલ ભૂષણને નમોસ્તુ !*<br>
*ત્રૈલોકના જ પરમેશ્વરને નમોસ્તુ !*<br>
*હે જિન ! શોષક ભવાબ્ધિ તને નમોસ્તુ ! ૨૬*

**ભાવાર્થ** : હે નાથ ! આપ જ ત્રણે ભુવનોના જીવોનાં દુઃખ નાશ કરવાવાળા છો, પૃથ્વીના એક અત્યંત સુંદર ભૂષણ છો અને ભવસંસારરૂપ સમુદ્રને સુકવવાવાળા છો અર્થાત્ ભવ્ય જીવોને મોક્ષ પ્રાપ્ત કરાવવાવાળા છો તેથી આપને મારા નમસ્કાર હો ! ૨૬.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

*આશ્ચર્ય શું ગુણ જ સર્વ કદિ મુનીશ,*
*ત્હારોજ આશ્રય કરી વસતા હંમેશ,*
*દોષો ધરી વિવિધ આશ્રય ઉપજેલાં,*
*ગર્વાદિકે ન તમને સ્વપ્ને દીઠેલાં. ૨૭.*

**ભાવાર્થ** : હે મુનીંદ્ર ! તમામ ગુણો જ તમારામાં પરિપૂર્ણ રીતે આશ્રય કરીને રહેલાં છે તેમાં શું આશ્ચર્ય છે ? કેમકે અનેક સ્થળે આશ્રય મળવાથી જેમને ગર્વ ઉત્પન્ન થયેલો છે, એવા ગર્વાદિ દોષો તો આપને વિષે સ્વપ્નાંતરે પણ જોયેલા જ નથી. ૨૭.

*ઊંચા અશોકતરુ આશ્રિત કીર્ણ ઊંચ,*
*અત્યંત નિર્મળ દીસે પ્રભુ આપ રૂપ,*
*તે જેમ મેઘ સમીપે રહી સૂર્યબિંબ,*
*શોભે પ્રસારી કિરણો હણીને તિમિર. ૨૮.*

**ભાવાર્થ** : હે જિનેશ્વર ! જેનાં કિરણો ઉપરની તરફ ફેલાઈ રહ્યાં છે, એવું આપનું ઉજ્જવલ શરીર, ઊંચા અશોક વૃક્ષની નીચે બહુ સુંદર દેખાય છે. માનો, જેનાં કિરણો સર્વે દિશાઓને પ્રકાશિત કરી રહ્યાં છે અને અંધકારનો સર્વથા નાશ કરે છે એવો સૂર્ય પણ મેઘોની આસપાસ શોભે તેમ આપ શોભી રહ્યા છો. ૨૮.

*સિંહાસને મણિતણા કિરણે વિચિત્ર,*
*શોભે સુવર્ણ સમ આપ શરીર ગૌર,*
*તે સૂર્ય-બિંબ ઉદયાચળ શિર ટોચે,*
*આકાશમાં કિરણ જેમ પ્રસારી શોભે. ૨૯.*

**ભાવાર્થ** : હે - ભગવાન્ ! જેવી રીતે ઉદયાચળ પર્વતની ઉપર આકાશને વિશે પ્રકાશમાન કિરણો રૂપી લતાઓના સમૂહ વડે સૂર્યનું બિંબ શોભે છે તેવી જ રીતે હે જિનેન્દ્ર ! મણિઓના કિરણોની પંક્તિઓ વડે કરીને વિચિત્ર દેખાતા સિંહાસન પર સુવર્ણ જેવું મનોહર આપનું શરીર અત્યંત શોભે છે. ૨૯.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

*ધોળાં ઢળે ચમરકુંદ સમાન એવું,*
*શોભે સુવર્ણસમ રમ્ય શરીર ત્હારું,*
*તે ઉગતા શશિસમાં જળ ઝર્ણ ધારે,*
*મેરુ તણા કનકના શિર પેંઠ શોભે. ૩૦.*

**ભાવાર્થ** : જેમ ઉદય પામેલા ચંદ્રમાના જેવી નિર્મળ પાણીના ઝરણની ધારાઓ વડે, મેરુ પર્વતનું સુવર્ણમય ઊંચું શિખર શોભી રહે છે, તેમ મોગરાના પુષ્પ જેવા ધોળા (ફરતા) વીંઝાતા ચમ્મરો વડે, સોનાના જેવું મનોહર, આપનું શરીર શોભી રહેલ છે. ૩૦.

*ઢાંકે પ્રકાશ રવિનો શશિતુલ્ય રમ્ય,*
*મોતી સમૂહ રચનાથી દીપાયમાન,*
*એવાં પ્રભુજી તમને ત્રણ છત્ર શોભે,*
*ત્રૈલોકનું અધિપતિપણું તે જણાવે. ૩૧.*

**ભાવાર્થ** : હે ભગવાન્ ! તારા સહિત ચંદ્રમાં જેવા મનોહર, સૂર્યના કિરણના તાપનું નિવારણ કરનાર અને મોતીઓના સમૂહની રચનાથી શોભાયમાન એવા આપના ઉપર રહેલાં ત્રણ છત્રો શોભી રહ્યાં છે તે જાણે જગતમાં આપનું અધિપતિપણું જાહેર કરતાં હોય એમ શોભે છે. ૩૧.

*ગંભીર ઊંચ સ્વરથી પૂરી છે દિશાઓ,*
*ત્રૈલોકને સરસ સંપદ આપનારો,*
*સદ્ધર્મરાજ જયને કથનાર ખુલ્લો,*
*વાગે છે દુંદુભિ નભે યશવાદી ત્હારો. ૩૨.*

**ભાવાર્થ** : હે નાથ ! જેણે પોતાના ગંભીર અને મનોહર શબ્દો વડે દિશાઓને શબ્દમય કરી દીધી છે, ત્રિભુવનના પ્રાણીઓને ઉત્તમ વસ્તુઓ પ્રાપ્ત કરાવવામાં સમર્થ છે, જે સદ્ધર્મરાજ અર્થાત્ પરમ ભટ્ટારક, તીર્થંકર ભગવાનની સંસારમાં જયઘોષણા કરી રહ્યા છે, અર્થાત્ એ બતાવી રહ્યા છે કે પવિત્ર ધર્મના અધીશ્વર અને પ્રવર્તક આપ જ છો એવી રીતે આપનો જે સુયશ પ્રગટ કરી રહ્યા છે તેનાં

દુંદુભિ આકાશને વિષે જયઘોષણા કરી રહ્યા છે, અર્થાત્ એ બતાવી રહ્યા છે કે પવિત્ર ધર્મના અધીશ્વર અને પ્રવર્તક આપ જ છો એવી રીતે આપનો જે સુયશ પ્રગટ કરી રહ્યા છે તેનાં દુંદુભિ આકાશને વિષે જયઘોષણા કરી તેની ગર્જના કરી રહ્યા છે. ૩૨.

*મંદાર સુંદર નમેરૂજ પારિજાતે,*
*સંતાનકાદિ ફૂલની બહુ વૃષ્ટિ ભારે,*
*પાણીકણે સુરભિ મંદ સમીર પ્રેરે,*
*શું દિવ્યવાણી તુજ સ્વર્ગ થકી પડે તે. ૩૩*

**ભાવાર્થ :** મંદાર, સુંદર, નમેરૂ, પારિજાત અને સંતાનક ઈત્યાદિ કલ્પવૃક્ષોનાં ફુલોની જે દિવ્ય વૃષ્ટિ, સુગંધદાર પાણીના બિંદુઓ વડે શીતળ અને મંદ વાયુએ પ્રેરાયેલી, સ્વર્ગમાંથી ઘણી જ પડે છે. તે જાણે આપના દિવ્યધ્વનિની માળા જ પડતી હોય એમ નથી શું ? ૩૩.

*શોભે વિભો પ્રસરતી તુજ કાન્તિ ભારે,*
*ત્રૈલોકના દ્યુતિ સમૂહની કાન્તિ હારે,*
*તે ઉગતા રવિસમી બહુ છે છતાં એ,*
*રાત્રિ જીતે શીતલચંદ્ર સમાન તેજે. ૩૪.*

**ભાવાર્થ :** હે પ્રભુ ! ત્રિભુવનના બધા કાન્તિમાન પદાર્થોની કાન્તિને જીતવાવાળી, આપના તેજસ્વી પ્રભામંડળની અનંત પ્રભા, ત્રણે જગતના તેજસ્વી પદાર્થોના તેજને ઝાંખું પાડે છે તે આપની કાન્તિ એકસાથ ઉગેલા અનેક સૂર્યોની માફક તેજસ્વી છે, અને ચંદ્રના જેવી શીતળ ચાંદની રાતને પણ પરાજિત કરે તેવી છે, અર્થાત્ આપની પ્રભા સૂર્યથી પણ અધિક તેજસ્વી હોવાથી લોકોને સંતાપ કરતી નથી અર્થાત્ તે બહુ જ શીતળ છે. ૩૪.

*જે સ્વર્ગ - મોક્ષ સમ માર્ગ જ શોધી આપે,*
*સદ્ધર્મ તત્ત્વકથવે પટુ ત્રૈણ લોકે,*
*દિવ્યધ્વનિ તુજ થતો વિશદાર્થ સર્વ -*
*ભાષા - સ્વભાવ - પરિણામ ગુણોથી યુક્ત ૩૫.*

**ભાવાર્થ** : હે નાથ ! સ્વર્ગ અને મોક્ષના માર્ગને બતાવનારા તથા ત્રિભુવનના લોકોને શ્રેષ્ઠ ધર્મ તત્ત્વનો ઉપદેશ કરવામાં સમર્થ આપનો દિવ્યધ્વનિ સ્વભાવથી જ બધી ભાષાઓમાં પરિણમી જાય છે તેથી સંસારના બધા પ્રાણીઓ પોતપોતાની ભાષાઓમાં તેને વિસ્તારપૂર્વક સમજી જાય છે એ આપનો અચિંત્ય પ્રભાવ છે. ૩૫.

*ખીલેલ હેમ કમળો સમ કાન્તિવાળા,*
*ફેલી રહેલ નખ તેજ થકી રૂપાળા,*
*એવા જિનેન્દ્ર તુમ પાદ ડગો ભરે છે,*
*ત્યાં કલ્પના કમળની વિબુધો કરે છે. ૩૬.*

**ભાવાર્થ** : હે જિનેન્દ્ર ! સુવર્ણ નવા ખીલેલાં કમળોના સમૂહની કાન્તિ જેવી પ્રસરી રહેલા નખોના કિરણોની પંક્તિ વડે જે સુંદર દેખાય છે એવા આપના ચરણો પૃથ્વી ઉપર જ્યાં જ્યાં આપ ધરો છો, તે તે ઠેકાણે દેવો સુવર્ણકમળની રચના કરે છે. ૩૬.

*એવી જિનેન્દ્ર થઈ જે વિભૂતિ તમોને,*
*ધર્મોપદેશ સમયે, નહિ તે બીજાને,*
*જેવી પ્રભા તિમિરહારી રવિતણી છે,*
*તેવી પ્રકાશિત ગ્રહોની કદી બની છે ! ૩૭.*

**ભાવાર્થ** : હે જિનેન્દ્ર ! સમવસરણ વખતે જે પ્રકારની સંપત્તિઓ ધર્મનો ઉપદેશ કરતી વખતે આપને પ્રગટ થઈ તેવી અન્ય દેવો પૈકી કોઈ ને કદી પણ થઈ નહીં. એ સાચું છે કે ગાઢ અંધકારનો નાશ કરવાવાળા સૂર્યની પ્રભા જેવી પ્રભા નક્ષત્રોની થતી નથી. ૩૭.

*વ્હેતા મદે મલિન ચંચળ શિર તેવો,*
*ગુંજારવે ભ્રમરના બહુ ક્રોધી એવો,*
*ઐરાવતે તુલિત ઉદ્ધત હાથી સામે -*
*આવેલ જોઈ તુમ આશ્રિત ભો ન પામે. ૩૮.*

**ભાવાર્થ** : જેનું ગંડસ્થળ ઝરતા મદ વડે કરીને ખરડાયેલું છે. વળી જે માથું ધુણાવ્યા કરે છે અને તેની આજુબાજુ ભમતા ઉન્મત્ત ભમરાઓનો

ગુંજારવ વડે જેનો કોપ વૃદ્ધિને પામેલો છે, એવો જે ઉદ્ધત ઐરાવત હાથી પણ જો કદાચ સામો આવે તો પણ તેને દેખીને આપનો જે આશ્રિત હોય છે તેને ભય ઉપજતો નથી. ૩૮.

*ભેદી ગજેન્દ્ર શિર શ્વેત રૂધિરવાળા,*
*મોતી સમૂહ થકી ભૂમિ દીપાવી એવા,*
*દોડેલ સિંહ તણી દોટ વિષે પડે જે,*
*ના તુજપાદ-ગિરિ આશ્રયથી મરે તે. ૩૯.*

**ભાવાર્થ** : જેણે હાથીઓના કુંભ સ્થળ છેદીને (તેમાં છેદ પાડીને) તેમાંથી ગળતાં ઉજ્જવળ અને લોહીથી ખરડાયેલા મોતી વડે પૃથ્વી શોભાવી છે, એવા બળવાન દોડતા સિંહની અડફટમાં જો માણસ આવી પડ્યો હોય તો તે પણ જો આપના ચરણરૂપી પર્વતનો આશ્રય લે તો તેને તેવો સિંહ પણ મારી શક્તો નથી, આક્રમણ કરી શક્તો નથી, પંજામાં લઈ શક્તો નથી. ૩૯.

*જે જોરમાં પ્રલયના પવને થયેલો,*
*ઓઢા ઊડે બહુ જ અગ્નિ દવે ધીકેલો,*
*સંહારશે જગત સન્મુખ તેમ આવે,*
*તે તુજ કીર્તનરૂપી જળ શાંત પાડે. ૪૦.*

**ભાવાર્થ** : જો પ્રલયકાળના પવનથી ઉદ્ધત થયેલો અગ્નિ જેની અંદરથી ઘણા તણખા ઊડે છે અને ઘણા જ પ્રકાશવાળો છે એવો દાવાનળ વનનો અગ્નિ જાણે જગતને બાળી નાંખવાની ઈચ્છા કરતો હોય નહીં, તેવો જોરમાં સળગતો સળગતો અગ્નિ સન્મુખ આવે તો તેને પણ આપના નામનું કીર્તન-સ્તવન રૂપી જળ સમગ્ર રીતે બુઝાવી નાંખે છે. ૪૦.

*જે રક્તનેત્ર, પીક-કંઠ સમાન કાળો,*
*ઊંચી ફણે સરપ સન્મુખ આવનારો,*
*તેને નિઃશંક જન તેહ ઉલ્લંઘી ચાલે,*
*ત્વં-નામ નાગદમની દિલ જેહ ધારે. ૪૧.*

**ભાવાર્થ** : લાલચોળ આંખોવાળા મદોન્મત્ત અને કોયલના કંઠ

જેવો કાળો અને ક્રોધે કરીને છંછેડાયલો એવો સર્પ ઊંચી ફેણ કરીને સામો ધસી આવતો હોય તેને પણ, જે માણસની પાસે આપના નામરૂપી નાગદમની ઔષધિ હોય તો તે માણસ નિશંકપણે તેને ઓળંગી જાય છે. એવો સાપ પણ આપના ભક્તને કરડી શક્તો નથી. ૪૧.

*નાચે તુરંગ ગજ 'શબ્દ કરે મહાન,*
*એવું રણે નૃપતિનું બળવાન સૈન્ય,*
*ભેદાય છે તિમિર જેમ રવિ કરેથી,*
*છેદાય શીઘ્ર ત્યમ તે તુજ કીર્તનેથી. ૪૨.*

**ભાવાર્થ** : જેની અંદર ઘોડાઓ કૂદી રહ્યા છે અને હાથીઓની ગર્જનાના ભયાનક શબ્દો ગૂંજી રહ્યા છે એવા રણને વિષે રહેલા બળવાન રાજાના સૈન્યને પણ, જેમ ઉદય પામેલા સૂર્યનાં કિરણોની શિખાઓ વડે, અંધકારનો નાશ કરી શકાય છે તેવી રીતે આપના કીર્તનથી અને ભક્તિથી તેવા સૈન્યને પણ જીતી શકાય છે. ૪૨.

*બર્છી થકી હણિત હસ્તિ રૂધિર વ્હે છે,*
*યોદ્ધા પ્રવાહ થકી આતુર જ્યાં તરે છે,*
*એવા યુદ્ધે અજિત શત્રુ જીતે જનો તે -*
*ત્વત્પાદ - પંકજરૂપી વન શર્ણ લે જે. ૪૩.*

**ભાવાર્થ** : ભાલાઓની અણીઓ વડે છેદાઈ ગયેલા હાથીઓના રુધિરનો પ્રવાહ જ્યાં આગળ રહે છે અને જ્યાં તે પ્રવાહની અંદર યોદ્ધાઓ તરવામાં આતુર થઈ ગયા છે એવા ભયાનક યુદ્ધને વિષે જેને આપના ચરણકમળરૂપી વનનો આશ્રય હોય છે તેઓ અજિત શત્રુઓને પણ જીતી શકે છે. ૪૩.

*જ્યાં ઊછળે મગરમચ્છ તરંગ ઝાઝા,*
*ને વાડવાગ્નિ ભયકારી થકી ભરેલા.*
*એવા જ સાગર વિષે સ્થિત નાવ જે છે,*
*તે નિર્ભયે તુજતણા સ્મરણે તરે છે. ૪૪*

**ભાવાર્થ** : ભયંકર મગરમચ્છ આદિ જળચર પ્રાણીઓ જેની અંદર

ઊછળી રહ્યા છે અને ભયાનક વાડવાગ્નિ જેવી અંદર વસે છે એવા ભયંકર સાગર મધ્યે વહાણમાંના માણસો આવી પડેલા હોય છે તે પણ આપના સ્મરણથી નિર્ભયપણે જોખમાયા વગર તરી પાર જઈ શકે છે. ૪૪.

*જે છે નમ્યા ભયદ રોગ જલોદરેથી,*
*પામ્યા દશા દુ:ખદ આશ ન દેહે તેથી,*
*ત્વત્પાદ-પદ્મ-રજ અમૃત નિજ દેહ-*
*ચોળે, બને મનુજ કામ સમાન રૂપે. ૪૫.*

**ભાવાર્થ** : પ્રભો ! જે માણસો ભયંકર જળોદર વગેરે દર્દના ભારથી દુ:ખી થઈ ગયા છે, અને જેમની સ્થિતિ અત્યંત શોચનીય થઈ ગઈ છે અથવા જેઓ પોતાના જીવનથી સર્વથા નિરાશ થઈ ગયા છે એવા મનુષ્ય પણ આપના ચરણકમળોની રજ-ધૂળ પણ પોતાના શરીર પર લગાડવાથી કામદેવ જેવા સુંદર થઈ જાય છે. ૪૫.

*બેડી જડી પગથી છેક ગળા સુધીની,*
*તેની ઝીણી અણીથી જાંગ ઘસાય જેની,*
*એવા અહોનિશ જપે તુજ નામ - મંત્ર,*
*તો તે જનો તુરત થાય રહિત બંધ. ૪૬.*

**ભાવાર્થ** : હે નાથ ! જેના પગથી માથા સુધી આખું શરીર મોટી મોટી લોઢાની સાંકળોથી ખૂબ મજૂબત જકડાઈ ગયું છે તથા કઠોર, તીક્ષ્ણ બેડીઓથી જેઓની જાંઘો ખૂબ ઘસાઈ રહી છે એવા લોક પણ આપના નામ રૂપી પવિત્ર મંત્રનું નિરંતર સ્મરણ કરવાથી બહુ જલદીથી એ બંધનના ભયથી મુક્ત થઈ જાય છે. ૪૬.

*જે મત્ત હસ્તિ, અહિ, સિંહ દવાનલાગ્નિ,*
*સંગ્રામ, સાગર, જલોદર, બંધનોથી-*
*પેદા થયેલ ભય તે ઝટ નાશ પામે,*
*ત્હારૂં કરે સ્તવન આ, મતિમાન પાઠે. ૪૭.*

**ભાવાર્થ** : હે નાથ ! જે બુદ્ધિમાન મનુષ્ય આ સ્તોત્રનો નિરંતર (હરહંમેશ) પાઠ કરે છે તે ઉન્મત્ત હાથી, સિંહ, દાવાનળ,

યુદ્ધ, સમુદ્ર, જલોદર અને બંધન વિગેરેથી થતા ભયથી તુરત જ મુક્ત થઈ જાય છે, મતલબ કે એવા લોકો આગળથી ભય ડરી ગયો હોય તેમ નષ્ટ થઈ જાય છે. ૪૭.

*આ સ્તોત્ર-માળ તુજના ગુણથી ગૂંથી મેં,*
*ભક્તિથકી વિવિધ વર્ણ રૂપીજ પુષ્પે,*
*તેને જિનેન્દ્ર ! જન જે નિત્ય કંઠ નામે,*
*તે માનતુંગ અવશ્ય શિવ લક્ષ્મી પામે. ૪૮.*
*॥ ઈતિ આદિનાથ સ્તોત્રં ॥*

**ભાવાર્થ** : હે નિનેંદ્ર ! આપના પવિત્ર ગુણોથી અથવા પ્રસાદ આદિ માધૂર્ય આદિ ગુણોથી ગૂંથાએલી આ સ્તોત્રરૂપી માળાને જે મનુષ્ય પોતાના કંઠમાં ધારણ કરે છે સુંદર સુંદર અક્ષરરૂપી વિચિત્ર ફુલથી ગૂંથાએલી પુષ્પમાળા ધારણ કરે છે તેવા ઉન્નત હૃદયવાળા લોકોને તથા આ સ્તોત્ર રચવાવાળા શ્રી માનતુંગ આચાર્યને રાજવૈભવ તથા સ્વર્ગ મોક્ષરૂપી લક્ષ્મી અવશ્ય પ્રાપ્ત થાય છે. અર્થાત્ આ પવિત્ર સ્તોત્રનો હરહંમેશ શ્રદ્ધા ભક્તિ સાથે, પાઠ કરનાર લોકોને ધન સંપત્તિ રાજવૈભવ, સ્વર્ગ વગેરે વિભૂતિ કોઈપણ જાતના કષ્ટ ભોગવ્યા સિવાય પ્રાપ્ત થાય છે. આ મંત્રના પ્રભાવથી રાજ્ય, ધન, વૈભવ, ઐશ્વર્ય, પુત્ર, નિરોગતા આદિ પ્રાપ્ત થાય છે એ તો સ્તોત્રના અનુષાંગિક-કોઈ પણ જાતના કષ્ટ વિના મળી જાય એવું ફળ છે, પરંતુ આ સ્તોત્રનું મુખ્ય ફળ તો સર્વત્ર મોક્ષપદની પ્રાપ્તિ હોઈ ને મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરે છે. રાજવૈભવ-ધન સંપત્તિ આદિ મળવું એ એનું અનુષાંગિક ફળ છે. ૪૮.

સ્તોત્ર કર્તાની ઈચ્છા છે કે ભવ્યજનો આ સ્તોત્રનો નિરંતર પાઠ કરી ધર્મ લાભ ઉઠાવી પોતાના આત્માનું કલ્યાણ કરે.

*ઈતિ શ્રી માનતુંગાચાર્ય વિરચિત શ્રી આદિનાથસ્તોત્રં.....*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શ્રી-અમિતગતિ આચાર્યકૃત સામાયિક પાઠ

## (ગુજરાતી ભાષાંતર)

સૌ પ્રાણી આ સંસારના, સન્મિત્ર મુજબ વહાલા થજો
સદ્‌ગુણમાં આનંદમાનું, મિત્ર કે વેરી હજો,
દુઃખિયા પ્રતિ કરુણા અને દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા, ૧
અતિજ્ઞાનવંત અનંત શક્તિ દોષહીન આ આત્મ છે.
એમ્યાનથી તલવાર પેઠે, શરીરથી વિભિન્ન છે.
હું શરીરથી જુદો ગણું, એ જ્ઞાન બળ મુજને મળો,
ને ભિષણ જે અજ્ઞાન મારું, નાથ ! તે સત્વર ટળો ૨
સુખદુઃખમાં, અરિમિત્રમાં, સંયોગ કે વિયોગમાં,
રખડું વને વા રાજભુવને, રાચતો સુખભોગમાં,
મમ સર્વકાળે સર્વ જીવમાં, આત્મવત્ બુદ્ધિ બધી,
તું આપજે મુજ મોહ કાપી, આ દશા કરુણાનિધિ ૩
તુજ ચરણકમળનો દીવડો, રૂડો હૃદયમાં રાખજો,
અજ્ઞાનમય અંધકારનો, આવાસ તુરત બાળજો,
તદ્રૂપ થઈ તે દીવડે, હું સ્થિર થઈ ચિત્ત બાંધતો,
તુજ ચરણયુગ્મની રજ મહીં હું પ્રેમથી નિત્ય ડૂબતો ૪
પ્રમાદથી પ્રયાણ કરીને, વિચરતાં પ્રભુ અહીં તહીં,
એકેન્દ્રિયાદિ જીવને હણતાં કદી ડરતો નહીં,
છેદી વિભેદી દુઃખ દઈ, મેં ત્રાસ આપ્યો તેમને,
કરજો ક્ષમા મુજ કર્મ હિંસક નાથ વિનવું આપને ૫
કષાયને પરવશ થઈ બહુ, વિષયસુખ મેં ભોગવ્યા,
ચારિત્ર્યના જે ભંગવિભુ, મુક્તિ પ્રતિકૂળ થઈ ગયા,
કુબુદ્ધિથી અનિષ્ટ કિંચિત્ આચરણ મેં આદર્યું,
કરજો ક્ષમા સૌ પાપ તે, મુજ રંકનું જે જે થયું ૬
મન, વચન, કાય, કષાયથી, કીધા પ્રભુ મેં પાપ બહુ,
સંસારના દુઃખ બીજ સૌ વાવ્યાં અરે હું શું કહું !



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તે પાપને આલોચના, નિંદા અને ધિક્કારથી,
હું ભસ્મ કરતો મંત્રથી જેમ વિષ જાતું વાદીથી ૭
મુજ બુદ્ધિના વિકારથી કે સંયમના અભાવથી,
બહુ, દુષ્ટ દુરાચાર મેં, સેવ્યા પ્રભુ કુબુદ્ધિથી,
કરવું હતું તે ના કર્યું, પ્રમાદ કેરા જોરથી,
સૌ દોષ મુક્તિ પામવા, માગું ક્ષમા હું હૃદયથી ૮
મુજ મલિન મન જો થાય તો, તે દોષ અતિક્રમ જાણતો,
વળી સદાચારે ભંગ બનતાં, દોષ વ્યતિક્રમ માનતો,
તે અતિચારી સમજવો, જે વિષયસુખમાં મ્હાલતો,
અતિ વિષયસુખ આસક્તને, હું અનાચારી ધારતો ૯
મુજ વચન વાણી ઉચ્ચારમાં તલભર વિનિમય થાય તો,
જો અર્થ માત્રા, પદ મહીં, લવલેશ વધઘટ હોય તો,
યથાર્થ વાણી ભંગનો, દોષિત પ્રભુ હું આપનો,
આપી ક્ષમા મુજને બનાવો, પાત્ર કેવળ બોધનો ૧૦
પ્રભુવાણી ! તું મંગલમયી, મુજ શારદા હું સમજતો,
વળી ઈષ્ટ વસ્તુદાનમાં, ચિંતામણિ હું ધારતો,
સુબોધને પરિણામશુદ્ધિ, સંયમને વરસાવતી,
તું સ્વર્ગના દિવ્ય ગીત, સુણાવી, મોક્ષલક્ષ્મી અર્પતી. ૧૧
સ્મરણ કરે યોગી જનો, જેનું ઘણા સન્માનથી,
વળી ઈંદ્ર, નરને દેવ પણ, સ્તુતિ કરે જેની અતિ,
એ વેદને પુરાણ જેનાં, ગાય ગીતો હર્ષમાં,
તે દેવના પણ દેવ વહાલા, સિધ્ધ વસજો હૃદયમાં ૧૨
જેનું સ્વરૂપ સમજાય છે, સદ્‌જ્ઞાન દર્શન યોગથી,
ભંડાર છે આનંદના જે, અચળ છે વિકારથી,
પરમાત્મની સંજ્ઞા થકી, ઓળખાય જે શુભ ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વહાલા, સિધ્ધ વસજો હૃદયમાં ૧૩
જે કઠિન કષ્ટો કાપતા, ક્ષણવારમાં સંસારના,
નિહાળતા જે સૃષ્ટિને જેમ, બોરને નિજ હસ્તમાં,
યોગીજનોને ભાસતા જે સમજતા સૌ વાતમાં,
તે દેવના પણ દેવ વહાલા, સિધ્ધ વસજો હૃદયમાં ૧૪

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

જન્મો મરણનાં દુ:ખને, નહિ જાણતા કદી જે પ્રભુ,
જે મોક્ષપથ દાતાર છે, ત્રિલોકને જોતાં વિભુ.
કલંકહીન દિવ્યરૂપ જે, રહેતું નહિ પણ ચંદ્રમાં,
તે દેવના પણ દેવ વહાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૫
નહિ રાગ કે નહિ દ્વેષ જેને, અસંગ ભાવે વર્તતા,
વિશુદ્ધ ઈન્દ્રિયશૂન્ય જેવા જ્ઞાનમય છે રૂપમાં,
તે દેવના પણ દેવ વહાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૬
ત્રિલોકમાં વ્યાપી રહ્યાં છે, સિદ્ધને વિબુદ્ધ જે,
નહિ કર્મ કેરા બંધ જેને, ધૂર્ત સમ ધૂતી શકે,
વિકાર સૌ સળગી જતા, મન મસ્ત થાતાં ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વહાલા, સિદ્ધ વસજો હૃદયમાં ૧૭
સ્પર્શ તલભર તિમિર કેરો, થાય નહીં કદી સૂર્યને,
ત્યમ દુષ્કલંકો કર્મના, અડકી શકે નહીં આપને,
જે એકને બહુરૂપ થઈ, વ્યાપી બધે વિરાજતો-
તેવા સુદેવ સમર્થનું સાચું શરણ હું માંગતો ૧૮
રવિ તેજ વિણ પ્રકાશ જે, ત્રણ ભુવનને અજવાળતો,
તે જ્ઞાનદીપ પ્રકાશ તારા, આત્મમાં શું દીપતો,
જે દેવ મંગળ બોધ મીઠા મનુજને નિત્ય આપતો,
તેવા સુદેવ સમર્થનું સાચુ શરણ હું માંગતો ૧૯
જો થાય દર્શન સિદ્ધનાં, તો વિશ્વ દર્શન થાય છે,
જ્યમ સૂર્યના દીવા થકી, સુસ્પષ્ટ સૌ દેખાય છે,
અનંત અનાદિ દેવ જે, અજ્ઞાન તિમિર ટાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૨૦
જેણે હણ્યા નિજ બળવડે, મન્મથ અને વળી માનને,
જેણે હણ્યા આ લોકના, ભય શોક ચિંતા મોહને,
વિષાદને નિદ્રા હણ્યા, જ્યમ અગ્નિ વૃક્ષો બાળતો,
તેવા સુદેવ સમર્થનું સાચું શરણ હું માગતો ૨૧
હું માગતો નહિં કોઈ આસન, દર્ભ પત્થર કાષ્ટનું,
મુજ આત્મના નિર્વાણ કાજે, યોગ્ય આસન આત્મનું,
આ આત્મ જો વિશુદ્ધને, કષાય દુશ્મન વિણજો,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

અણમૂલ આસન થાય છે, ઝટ સાધવા સુસમાધિ તો. ૨૨
મેળા બધા મુજ સંઘના, ના લોકપૂજા કામની,
જગ બાહ્યની નહિ એક વસ્તુ, કામની મુજ ધ્યાનની,
સંસારની સૌ વાસનાને, છોડ વ્હાલા વેગથી,
અધ્યાત્મમાં આનંદ લેવા, યોગબળ લે હોંસથી ૨૩
આ જગતની કો વસ્તુમાં તો સ્વાર્થ છે નહિ મુજજરી,
વળી જગતની વણ વસ્તુઓનો, સ્વાર્થ મુજમાં છે નહિં,
આ તત્ત્વને સમજી ભલા, તું મોહ પરનો છોડજે,
શુભ મોક્ષના ફળ ચાખવા, નિજ આત્મમાં સ્થિરતું થજે ૨૪
જે જ્ઞાનમય સહજાત્મ તે સ્વાત્મા થકી જોવાય છે,
શુભયોગમાં સાધુ સકળને, આમ અનુભવ થાય છે,
નિજ આત્મમાં એકાગ્રતા, સ્થિરતા વળી નિજ આત્મમાં,
સંપૂર્ણ સુખને સાધવા તું, આત્મથી જો આત્મમાં ૨૫
આ આત્મ મારો એકને, શાશ્વત નિરંતરરૂપ છે,
વિશુદ્ધ નિજ સ્વભાવમાં, રમી રહ્યો છે નિત્ય તે,
વિશ્વની સૌ વસ્તુનો, નિજ કર્મ ઉદ્ભવ થાય છે,
નિજ કર્મથી વળી વસ્તુનો, વિનાશ વિનિમય થાય છે. ૨૬
જો આત્મ જોડે એક્તા, આવી નહીં આ દેહની,
તો એક્તા શું આવશે, સ્ત્રી પુત્ર મિત્રો સાથની ?
જો થાય જુદી ચામડી, આ શરીરથી ઉતારતા,
તો રોમ સુંદર દેહપર, પામે પછી શું સ્થિરતા ? ૨૭
આ વિશ્વની કો વસ્તુમાં જો સ્નેહબંધન થાય છે
તો જન્મમૃત્યુચક્રમાં, ચેતન વધુ ભટકાય છે,
મુજ, મન વચન, ને કાયનો, સંયોગ પરનો છોડવો,
શુભ મોક્ષના અભિલાષનો, આ માર્ગ સાચો જાણવો. ૨૮
સંસારરૂપી સાગરે, જે અવનતિમાં લઈ જતી,
તે વાસનાની જાળ પ્યારા, તોડ સંયમ જોરથી,
વળી બાહ્યથી છે આત્મ જુદો, ભેદ મોટો જાણવો,
તલ્લીન થઈ ભગવાનમાં, ભવપંથ વિકટ કાપવો. ૨૯
કર્મો કર્યાં જે આપણે, ભૂતકાળમાં જન્મો લઈ,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તે કર્મનું ફળ ભોગવ્યા વિણ, માર્ગ એકે છે નહિં,
પરનું કરેલું કર્મ જો, પરિણામ આપે મુજને,
તો મુજ કરેલા કર્મનો, સમજાય નહિ કંઈ અર્થને. ૩૦
સંસારના સૌ પ્રાણીઓ, ફળ ભોગવે નિજ કર્મનું,
નિજકર્મના પરિપાકનો, ભોક્તા નહિ કો આપણું,
લઈ શકે છે અન્ય તેને, છોડ એ ભ્રમણા બૂરી,
પ્રભુધ્યાનમાં નિમગ્ન થા, તુજ આત્મનો આશ્રય કરી. ૩૧
શ્રી અમિતગતિ અગમ્ય પ્રભુજી, ગુણ અસીમ છે આપના,
આ દાસ તારો હ્રદયથી, ગુણ ગાય તુજ સામર્થ્યના,
જો પ્રગટતા તવ ગુણ બધા, મુજ આત્મમાં સદ્ભાવથી,
શુભ મોક્ષને વરવા પછી, પ્રભુ વાર ક્યાંથી લાગતી ? ૩૨

**દોહરો**

*બત્રીસ ચરણનું આ બન્યુ, મંગળ સુંદર કાવ્ય,*
*અનુભવતાં એક ધ્યાનથી, મોક્ષગતિ જીવ જાય.*

* * *

# શ્રી ચતુર્વિંશતિ જિનસ્તુતિ

(છંદઃ મન્દાક્રાન્તા)

### ૧. શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ :

જેણે કીધી સકલજનતા નીતિને જાણનારી,
ત્યાગી રાજ્યાદિક વિભવને જે થાય મૌનધારી,
તેતો કીધો સુગમસબળો મોક્ષનો માર્ગ જેણે,
વન્દું છું તે ઋષભજિનને ધર્મ ધોરી પ્રભુને,

### ૨. શ્રી અજિતજિનની સ્તુતિ :

દેખી મૂર્તિ અજિતજિનની નેત્ર મારા હરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ ધ્યાન ત્હેનું ધરે છે,
આત્મા મ્હારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હ્રદયમાં માહરી આશ એ છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

### ૩. શ્રી સંભવનાથની સ્તુતિ :

જે શાન્તિના સુખ સદનમાં મુક્તિમાં નિત્ય રાજે,
જેની વાણી ભવિકજનનાં ચિત્તમાં નિત્ય ગાજે,
દેવેન્દ્રોની પ્રણયભરની ભક્તિ જેને જ છાજે,
વન્દુ તે સંભવજિનતણા પાદપદ્મો હું આજે.

### ૪. શ્રી અભિનન્દનસ્વામીની સ્તુતિ :

ચોથા આરારૂપ નભવિષે દીપતાં સૂર્ય જેવા,
ઘાતી કર્મોરૂપ મૃગ વિષે કેસરી સિંહ જેવા,
સાચે ભાવે ભવિકજનને આપતા મોક્ષ મેવા,
ચોથા સ્વામી ચરણ યુગલે હું ચહું નિત્ય રહેવા.

### ૫. શ્રી સુમતિજિનની સ્તુતિ :

આ સંસારે ભ્રમણ કરતાં શાન્તિ માટે જિનેન્દ્ર,
દેવો સેવ્યાં કુમતિ વશથી મેં બહું એ મુનીન્દ્ર,
તો એ નાવ્યો ભવભ્રમણથી છૂટકારો લગારે,
શાન્તિદાતા સુમતિજિનજી દેવ છે તું જ મારે.

### ૬. શ્રી પદ્મપ્રભુજિનની સ્તુતિ :

સોના કેરી સુર વિરચિતા પદ્મની પંક્તિ સારી,
પદ્મો જેવા પ્રભુ ચરણના સંગથી દીપ્તિ ધારી,
દેખી ભવ્યો અતિ ઉલટથી હર્ષના આંસુ લાવે,
તે શ્રી પદ્મ પ્રભુ ચરણમાં હુ નમું પૂર્ણ ભાવે.

### ૭. શ્રી સુપાર્શ્વનાથની સ્તુતિ :

આખી પૃથ્વી સુખમય બની આપનાં દર્શ કાળે,
ભવ્યો પૂજે ભયરહિત થઈ આપને પૂર્ણ વ્હાલે,
પામે મુક્તિ ભવભય થકી જે સ્મરે નિત્યમેવ,
નિત્યે વંદું તુમ ચરણમાં શ્રી સુપાર્શ્વેષ્ટ દેવ.

### ૮. શ્રી ચંદ્રપ્રભજિન સ્તુતિ :

જેવી રીતે શશિકરણથી ચંદ્રકાન્ત દ્રવે છે,
તેવી રીતે કઠીણ હૃદયે હર્ષનો ધોધ વ્હે છે,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

દેખી મૂર્તિ અમૃતઝરતી મુક્તિદાતા તમારી,
પ્રીતે ચંદ્રપ્રભ જિન મને આપજો સેવ સારી.

**૯. શ્રી સુવિધિજિન સ્તુતિ :**

સેવા માટે સુરનગરથી દેવનો સંઘ આવે,
ભક્તિ આવે સુરગિરિ પરે અષ્ટ પુજા રચાવે,
નાટ્યારંગે નમન કરીને પૂર્ણ આનંદ પાવે,
સેવા સારી સુવિધિ જિનની કોણને ચિત્ત નાવે ?

**૧૦. શ્રી શીતલજિન સ્તુતિ :**

આધિ વ્યાધિ પ્રમુખ બહુએ તાપથી તપ્ત પ્રાણી,
શીળી છાયા શીતલ જિનની જાણીને હર્ષ આણી,
નિત્યે સેવે મન વચનને કાયથી પૂર્ણ ભાવે,
કાપી ખંતે દુરિત ગણને પૂર્ણ આનન્દ પાવે.

**૧૧. શ્રી શ્રેયાંસજિન સ્તુતિ : (શાર્દૂલવિક્રીડિત છંદ)**

જે હેતુ વિણ વિશ્વના દુઃખ હરે ન્હાયા વિના નિર્મળા,
જીતે આંતર શત્રુને સ્વબળથી દ્વેષાદિથી વેગળા,
વાણી જે મધુરી વદે ભવતરી ગંભીર અર્થે ભરી,
તે શ્રેયાંસ જિણંદના ચરણની ચાહું સદા ચાકરી.

**૧૨. શ્રી વાસુપૂજ્યજિન સ્તુતિ :**

જે ભેદાય ન ચક્રથી ન અસિથી કે ઇન્દ્રના વજ્રથી,
એવા ગાઢ કુકર્મ હે જિનપતે, છેદાય છે આપથી,
જે શાન્તિ નવ થાય ચંદન થકી તે શાન્તિ આપો મને,
વાસુપૂજ્ય જિનેશ હું પ્રણયથી નિત્યે નમું આપને.

**૧૩. શ્રી વિમલજિન સ્તુતિ : (મન્દાક્રાન્તા છંદ)**

જેવી રીતે વિમલ જળથી વસ્ત્રનો મેલ જાય,
તેવી રીતે વિમલ જિનનાં ધ્યાનથી નષ્ટ થાય,
પાપો જૂના બહુ ભવતણાં અજ્ઞાતાથી કરેલા,
તે માટે હે જિન તુજ પદે પંડિતો છે નમેલા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

### ૧૪. શ્રી અનંતજિન સ્તુતિ :

જેઓ મુક્તિનગર વસતા કાળ સાદિ અનંત,
ભાવે ધ્યાવે અવિચલપણે જેહને સાધુ-સંત,
જેહની સેવા સુરમણિ પરે સૌખ્ય આપે અનંત,
નિત્યે મ્હારા હૃદયકમલે આવજો શ્રી અનંત.

### ૧૫. શ્રી ધર્મજિન સ્તુતિ :

સંસારાંભોનિધિ જળ વિષે બૂડ તો હું જિનેન્દ્ર,
તારો સારો સુખકર ભલો ધર્મ પામ્યો મુનીંદ્ર,
લાખો યત્નો યદિ જન કરે તોય ના તેહ છોડું,
નિત્ય ધર્મપ્રભુ તુજ કને ભક્તિથી હાથ જોડું.

### ૧૬. શ્રી શાન્તિજિન સ્તુતિ :

જાણ્યા જાયે શિશુ સકળના લક્ષણો પારણાથી,
શાન્તિ કીધી પણ પ્રભુ તમે સર્વ આ લોકમાહીં,
ષટખંડો ને નવનિધિ તથા ચૌદ રત્નો તજીને,
પામ્યા છો જે પરમ પદને આપજો તે અમોને

### ૧૭. શ્રી કુંથુજિન સ્તુતિ :

જેની મૂર્તિ અમૃત ઝરતી, ધર્મનો બોધ આપે,
જાણે મીઠું વચન વદતી શોક સંતાપ કાપે,
જહેની સેવા પ્રણયભરમાંથી સર્વ દેવો કરે છે,
તે શ્રી કુંથુ જિનચરણમાં ચિત્ત મારું ઠરે છે.

### ૧૮. શ્રી અરજિન સ્તુતિ :

જે દુ:ખોના વિષમ ગિરિઓ, વજ્રની જેમ ભેદે,
ભવ્યાત્માની નિબિડ જડતા સૂર્યની જેમ છેદે,
જેની પાસે તૃણ સમ ગણે સ્વર્ગને ઈંદ્ર જેવા,
એવી સારી અરજિન મને આપજો આપ સેવા.

### ૧૯. શ્રી મલ્લિજિન સ્તુતિ :

તાર્યા ભવ્યો અતિ પ્રભાવે જ્ઞાનના દિવ્ય તેજે,
સર્વજ્ઞ છો ! સર્વદર્શી પ્રભુ ! ત્રૈલોક્યના નાથ ગાજે,
સચ્ચરિત્રે જન-મન-હરી બાળથી બ્રહ્મચારી,
નિત્યે મલ્લિ જિનપતિ મને આપજો સેવા સારી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## ૨૦. શ્રી મુનિસુવ્રતજિન સ્તુતિ : (શાર્દૂલવિક્રીડિત છંદ)

અજ્ઞાનાંધ કૃતિ વિનાશ કરવા જે સૂર્ય જેવા કહ્યાં,
જેણે અષ્ટ પ્રકારના કઠિણ જે કર્મો બધાં તે દહ્યાં,
જેની આત્મસ્વભાવમાં રમણતા જે મુક્તિદાતા સદા,
એવા તે મુનિસુવ્રતેશ નમીએ જેથી ટળે આપદા.

## ૨૧. શ્રી નમિજિન સ્તુતિ :

વૈરી કર્મ નમ્યા પ્રભુશ્રી જિનને આત્મપ્રભાવે કરી,
કીર્તિચન્દ્ર કરોજ્વલા દિશિ દિશિ આ વિશ્વમાં વિસ્તરી
આપી બોધ અપૂર્વ આ જગતને પામ્યા પ્રભુ શર્મને,
પુણ્યે શ્રી નમિનાથ આપ ચરણે પામ્યો ખરા ધર્મને.

## ૨૨. શ્રી નેમિજિન સ્તુતિ :

લોભાવે લલના તણા લલિત શું ત્રિલોકના નાથને ?
કમ્પાવે ગિરિભેદી વાયુ લહરી શું સ્વર્ણના શૈલને ?
શું સ્વાર્થે જિનદેવ એ પશુ તણા પોકારને સાંભળે ?
શ્રીમન્નેમિજિનેન્દ્ર સેવન થકી શું શું જગે ના મળે ?

## ૨૩. શ્રી પાર્શ્વજિન સ્તુતિ :

ધૂણિમાં બળતો ધ્યાનિધિ તમે જ્ઞાને કરી સર્પને,
જાણી સર્વ જેનો સમક્ષ ક્ષણમાં આપી મહા મંત્રને,
કીધો શ્રી ધરણેન્દ્રને ભવ થકી તાર્યા ઘણા ભવ્યને,
આપો પાર્શ્વ જિનન્દ નાશ રહિતા સેવા તમારી મને.

## ૨૪. શ્રી વીરજિન સ્તુતિ :

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલ નભે ભાનુ સમા છો વિભુ,
મ્હારા ચિત્ત ચકોરને જિન તમે છો પૂર્ણ ચંદ્ર પ્રભુ,
પામ્યો છું પશુતા તજી સુરપણું હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીર દેવ મુજ ને પાપી મહા કર્મથી.

**અર્હિન્તો ભગવંત ઈન્દ્રમહિતા સિદ્ધાશ્ચ સિદ્ધિ સ્થિતા:,**
**આચાર્યા જિનશાસનોન્નતિકરા પૂજ્યા ઉપાધ્યાયકા,**
**શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકા:,**
**પંચૈતે પરમેષ્ઠિન: પ્રતિદિનં, કુર્વન્તુ નો મંગલમ્.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com